ગાંધીનગર સમાચાર

તા. ૯-૭-૨૦૧૫, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

મોડી મોડી સીબીઆઇ તપાસની માગણી સ્વીકારતા શિવરાજ

શિવરાજસિંહ ચૌહાણની ઈમેજ લાંબા સમયથી 'મિ.ક્લીન' તરીકેની રહી છે. એ મુદ્દે તેઓ ભાજપના વરિષ્ઠ મોવડીઓનાં લાડકા મુખ્યમંત્રી પણ ગણાતા રહ્યા છે. લાલકૃષ્ણ અડવાણી જેવા વિચક્ષણ રાષ્ટ્રીય નેતાએ શિવરાજને નરેન્દ્ર મોદીના વિકલ્પે ઊંચકવાનો પ્રયત્ન પણ કર્યો હતો. સંઘની સહમતી ન મળી એટલે શિવરાજ ઠેરના ઠેર રહ્યા, નહીંતર અડવાણીના પ્રખર શમર્થક તરીકે એ રાષ્ટ્રીય કક્ષાએ ઊપસી શક્યા હોત. આ વ્યાવસાયિક પરીક્ષા મંડળનું કૌભાંડ શિવરાજની ઊજળી કારકિર્દી ઉપર આમરણ ન ભૂંસાય એવું કલંક છે. બનવા જોગે કે સાત્ત્વિક પ્રકૃતિના આ સૌમ્ય રાજપુરુષ જાતે કૌભાંડમાં સંડોવાયેલા ન પણ હોય. એ પોતે પોતાને જ પ્રમાણપત્ર આપી શકે એવા સક્ષમ નેતા છે. પરંતુ જો પોતે પોતાને નિષ્કલંક માનતા હોય તો એમણે નૈતિક મુદ્દાસર પદ પરથી તપાસ પૂરી થાય ત્યાં સુધી હટી જવું જોઈતું હતું. એને ઠેકાણે એમણે બદલાયેલા સંજોગોમાં વિપક્ષની માગણી અને ઉમા ભારતી જેવા સ્થાનિક પ્રતિસ્પર્ધી - જેમને એમણે સિફતપૂર્વક મુખ્યમંત્રીપદનું સપનું પણ ન જોઈ શકે એવી ઓશિયાળી હાલતમાં ધકેલી દીધા છે - ની લાગણી સમક્ષ ઝૂકી જવામાં શાણપણ નિહાળ્યું છે. છેક આગલા દિવસ સુધી પોતે નિયુક્ત કરેલ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ જબલપુર હાઈકોર્ટની નજર હેઠળ કૌભાંડની યોગ્ય તપાસ કરી રહેલ હોઈ સીબીઆઈ તપાસની માગણી નકારતા રહ્યા હતા. ત્યાં સુધી કે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે પણ સીબીઆઈ તપાસની જરુર નહીં હોવાનું જણાવી દીધું હતું. રાજનાથસિંહે કૌભાંડની તપાસ હાઈકોર્ટની નિગરાણી હેઠળ ચાલી રહેલ હોઈ મુખ્યમંત્રી કે કેન્દ્ર સરકાર સીબીઆઈની તપાસ આપે તો એ અદાલતની અવમાનના ગણાશે, એવું નિવેદન કરી આખી વાતનો વીંટો વાળી દીધો હતો. સરકાર કોર્ટને આદેશ થોડો આપી શકે? એવી દલીલ કરી એમણે સ્પષ્ટતા કરી હતી કે જો કોર્ટ સીબીઆઈ તપાસની જરુર હોવાનું કહેશે તો અમારી એ માટેની તૈયારી હશે. આવા સ્પષ્ટ વલણ પછીની વળતી સવારે જ શિવરાજસિંહનો આતમરામ સફાળો જાગી ઊઠ્યો અને એમણે પત્રકાર પરિષદ બોલાવીને જણાવી દીધું કે ગઈ રાતે મને ઊંઘ જ ન આવી. ઊંડી વિચારણાને અંતે મને લાગે છે કે હવે વ્યાપમ મામલે સીબીઆઈની તપાસ કરાવવી જરુરી બની ગયું છે. એથી એમણે જબલપુર હાઈકોર્ટને પત્ર લખીને કૌભાંડની સીબીઆઈ દ્વારા તપાસ કરાવવાની મંજુરી માગી છે. રાતોરાત બદલાયેલાં એમનાં વલણ પાછળ એક તરફ ઉમાભારતી દ્વારા રજૂ કરાયેલ આકરું નિવેદન છે, તો બીજી તરફ રોજના હિસાબે થતાં અપમૃત્યુનો ઓથાર છે. એમ પણ બને કે હાઈકોર્ટ એસટીએફ દ્વારા ચાલી રહેલી તપાસ યોગ્ય દિશામાં પ્રગતિ કરી રહેલ છે એવું જણાવી સીબીઆઈ તપાસની જરુર નહીં હોવાનો અભિપ્રાય પણ આપે. કેટલાક વિરોધીઓને શિવરાજસિંહનો આ નિર્ણય પ્રજાને ખોટે ખોટું આશ્વાસન આપવા માટે લેવાયો હોવાનું લાગે છે. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે કરાયેલ જાહેર હિતની અરજીની આજે જ સુનાવણી હોઈ મુખ્યમંત્રી મૂંઝાયેલાં પણ છે. મુખ્યમંત્રી એ આવી તપાસ આપવા માટે હાઈકોર્ટને પૂછવાની જરુર ન હોય. એમણે કેન્દ્ર સરકાર હસ્તકની તપાસ એજન્સીની સેવા લેવી હોય તો કેન્દ્રને જ જણાવવાનુંહોય. જો કે દિગ્વિજયસિંહ જેવા કોંગ્રેસી નેતાને તો સીબીઆઈની તપાસમાં પણ આખા કૌભાંડ પર ઢાંક પિછોડો થવાની દહેશત રહે છે. આખરે સીબીઆઈને તો સુપ્રીમ કોર્ટે જ કેન્દ્ર સરકારના પાળેલા પોપટનું બિરુદ આપેલું છે. એટલે સીબીઆઈ તપાસ કરે તો પણ તે સુપ્રીમ કોર્ટની નિગરાની હેઠળ કરે, એવી દિગ્વિજયની માગણી આ સંવેદનશીલ તબક્કે વધારે ઉચિત લાગે છે, કૌભાંડમાં મધ્યપ્રદેશના રાજયપાલ સહિત મુખ્યમંત્રીનાં સગાંવહાલાં સામે આંગળી ચીંધાઈ છે. રાજય સરકારે હાઈકોર્ટના નેજા હેઠળ કાર્યરત તપાસ ટુકડીમાં અંગત વફાદારી ધરાવતા અને વ્યાપમમાં સંડોવાયેલા ગણાતા પોલીસ અધિકારોને નિમણૂક આપી છે. કૌભાંડ એના નામ જેવું જ વ્યાપક છે. વ્યાપમનાં કબાટમાંથી એક પછી એક હાડપિંજર નીકળતાં જાય છે. છેલ્લે 'આજ તક'ના પત્રકારના શંકાસ્પદ મૃત્યુ પછી કૌભાંડ કથા એની પરાકાષ્ઠાએ પહોંચી છે.

સરગવાની શીંગ ઉષ્ણ-તીષ્ણ છે, તેનાથી પરસેવો વધુ થાય છે, મેટાબોલીઝમ રેઇટ વધે છે આથી મેદ ઘટાડવા માટેની પ્રક્રિયા વધુ ઝડપી બને છે

સરગવો નિરામય

- ડૉ. કેદાર ઉપાધ્યાય

હાલ માર્કેટમાં સરગવાની શીંગોના દર્શન થવા લાગ્યા છે. સરગવો આમ તો સાર્વત્રીક પ્રિય શાક ન કહી શકાય. એવા ઘણા લોકો છે કે જેને સરગવાનું શાક ન ભાવતું હોય. તેના રેશાથી ઇરીટેશન થતું હોય. વળી, સરગવામાંના ગર્ભને ખાઇને બાકીના ભાગને ફેંકી દેવાનો હોય, એટલે જમતી વખતે આ પ્રકારનો શ્રમ કરવો ઘણાને ન પણ ગમે.

પણ એક વાત ખરી, કે સરગવાનો ટેસ્ટ અલગ જ છે. દાળ-શાક-કઢીમાં તેની હાજરીથી મજા પડી જાય સરગવાની શીંગો રસોડામાં તો મહત્ત્વ ધરાવે છે પણ તેના ઔષધીય ગુણો પણ ઘણાબધાં છે. આમ તો સરગવાનું આખુંય વૃક્ષ ઔષધીય ઉપયોગીતા ધરાવે છે. સરગવાનો મુખ્ય ઉપયોગ મેદોવૃદ્ધિ (ઓબેસીટી), વા (આર્થરાઇટીસ), તથા સ્નાયુ - સાંધાના દુખાવામાં થાય છે. વળી, મેદોવૃદ્ધિને કારણે થતા બીજા રોગો જેવા કે શ્વાસ કુલાવો, ડાયાબિટીસ, બ્લડપ્રેશર આદિ તો ખરા જ.

સંસ્કૃતમાં સરગવાને શિગ્રુ કે શોભાંજન કહે છે. જયારે અંગ્રેજીમાં તેને ડ્રમસ્ટીક પ્લાન્ટ કહે છે. આયુર્વેદીક સંહિતા ભાવપ્રકાશમાં સરગવાના ત્રણ પ્રકારો કહેલા છે. સફેદ સરગવો, લાલ સરગવો અને કાળો સરગવો. સ્વાદની દૃષ્ટિએ જોઇએ તો તે તીક્ષ્ણ, ઉષ્ણ, અગ્નિપ્રદિપક, કફ, વાયુ, સોજા આદિને શમાવનાર, હૃદય અને આંખો માટે હિતકારી છે. સરગવાના બીજના ચૂર્ણને સુંઘવાથી માથાના દુખાવામાં રાહત થાય છે. તેના છાલ અને પાનનો રસ વેદનાહર છે. સરગવાના ફૂલ પણ તીક્ષ્ણ અને ગરમ પ્રકૃતિના હોવાથી સોજા તેમજ વેદના દૂર કરે છે.

સરગવાની શીંગના ગુણો જોઇએ તો ખ્યાલ આવી જાય કે તે મેદવૃદ્ધિ તેમજ સ્નાયુ સાંધાના દુખાવા - સોજાને મટાડતી જ હોય. સરગવાની શીંગ ઉષ્ણ-તીષ્ણ છે. તેનાથી પરસેવો વધુ થાય છે. મેટાબોલીઝમ રેઇટ વધે છે આથી મેદ ઘટાડવા માટેની પ્રક્રિયા વધુ ઝડપી બને છે.

વળી, સરગવાના આ ગુણોને કારણે શરીર પરની ગ્રંથિઓ, સોજા, ગાંઠ આદિ પણ ઓછા થાય છે. સરગવાની છાલ તથા મૂળના ચૂર્ણ કે કેપ્સ્યુલ આયુર્વેદિક દુકાનોમાંથી મળી રહે છે. તે કફ-મેદ-વજન ઘટાડવા માટે ઉપયોગી છે અને શાકમાર્કેટમાંથી સરગવાની શીંગ મળી રહે છે. જેનો નિયમિત ઉપયોગ શાક-દાળ-સૂપ સ્વરુપે કરી શકાય.

પિત્તપ્રકોપ ખૂબ હોય તેવી વ્યક્તિઓએ સરગવાનો ઉપયોગ સાવચેતીપૂર્વક કરવો. આસિવાય સરગવો બહુ અપથ્ય નથી નિયમિત ઉપયોગ કરવાથી આહાર સાથે ઔષધનાં ગુણોની અસર થશે.

મોરલાને વેઠ્યો ના જાય વરસાદમાં

મનના ઉમંગો

- રણછોડ વી. પરમાર

મન આનંદમાં આવી જાય ત્યારે આપણે કહીએ છીએ કે મનના મોરલા ટહૂકવા માંડ્યા, એથીય વધારે આનંદમાં આવી મન નાચવા માંડે ત્યારે એવું કહેવાય છે કે મનના મોર નાચવા માંડ્યા એવું કહેવાય છે. (મન મોર બની થનગનાટ કરે એ ગીતને તો ફિલ્મવાળાઓએ દેશભરના લોકોના હોઠો પર ગણગણતું કરી દીધું છે.) જેવો મન અને મોરનો કાવ્યમય સંબંધ છે એવો જ કેવળ કાવ્યાત્મક નહીં પણ પ્રાકૃતિક, સુંદર અને સુરીલો સંબધ વન અને મોરનો છે. વનની વાતો કરવા બેસીએ એટલે તેમાં વસતા વિવિધરંગી પંખીઓની વાત તો આવે જ આવે અને એ બધાં પંખીઓના કલશોરથી કક્ષા કહેવા જઈએ એટલે તેમાં શિરમોર તો વનમોર જ રહેવાનો.

નારીના મધુર-સુરીલા અવાજના વખાણ કરવાના થાય ત્યારે બધા કહેવાના કે કોયલ જેવું ગળ્યું મધ ગળું છે. જયારે પુરુષના બુલંદ કે ઘેઘુર સૂર વિશે વાત નીકળે તો એની સરખામણી વનમાં ટહૂકતા મોર સાથે થવાની. બહુ જ પડછંદ - ઘેરો અવાજ હોય તો લોકો સાગરના ગર્જન સાથે મેળ પાડવા મથે. પણ સુરતાની વાડીનો મોરલો તો કલાપી કહેવાય છે. પાવક ભજનવાણીથી સૌના ચિત્ત ચોરી લેનારા હેમંત ચૌહાણના કંઠને તો મા સરસ્વતીના મોરલા પડખે જ બેસાડવો પડે. બધી વાત આખરે (આખરે શું કામ? પ્રારંભથી અંત સુધી આખેઆખી) મનને આનંદ આપવાની છે.

મન, વન, જીવન, મોર બધી વસ્તુઓ જાણે એકબીજાના હાથમાં હાથ પરોવીને સામી ઊભી છે. સામી ઊભી છે એમ કહેવા કરતાં આપણી સાથે-જોડાજોડ ઊભી છે એમ કહેવું વધુ બહેતર છે. જીવન અગર વન છે તો વનમાં લીલાછમ ઝાડવાં ય છે, એ ઝાડવા પર અનેક રંગબેરંગી પંખીઓ છે, એ પંખીઓનો કલરવ છે અને એમાં આખાય વનને (અર્થાત્ જીવનને) પડઘાવી મૂકતા મોરના ટહૂકાછે. આ ટહૂકા આપણા જીવનનું બળ છે.

ગાંધીનગરના રહેવાસીઓએ મોર ના જોયો હોય એવું તો બને જ નહીં. ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે જાવ તો અસંખ્ય મોર હેલીકોપ્ટરની જેમ ફડફડાટ કરતા આમથી તેમ ઉડતા જોવા મળે. જો આ ઋતુમાં વાદળછાયાં દિવસે જાવ તો મોરલા વારે વારે ટહૂકતા પણ સાંભળતા મળે. વરસાદ આવવાની ઘડી હોય, વાદળ ઘેરાયા હોય અને ગડુડડ... મેઘ ગાજવા માંડે અ સામો સાદ ના પાડે તો એ મોરલાનું જીવતર લાજે. (યાદ આવે છે? 'ઘન ગનન ઘોર અષાડ ચડ્યો.')

ગાંધીનગરમાં નહીં વસતા લોકોને તો એ જાણીને ખરેખર નવાઈ લાગશે કે સચિવાલય સંકુલમાં પણ અનેક મોર વસે છે. સચિવાલયના અગ્નિખૂણામાં (એટલે કે પોલીસ બ્યુરો બાજુ) આવેલી લીલા લીલડાઓની ગીચ ઝાડીમાં, માતા સરસ્વતીના વાહનનું કાયમી રહેઠાણ છે. આમ સચિવાલયમાં ફક્ત કાગળોના કમઠાણ, કર્મચારીઓના કકળાટ અને સાહેબોની તુમાખીનો જ વસવાટ છે એવું નથી. એથી ઊંચી ઈમારતોમાં રહી ગયેલી બખોલોમાં રહેતા પોપટો ઉપરાંત વનરાજીમાં વસતા મોરલા પણ છે.

ગુજરાતી ભાષાના ઉત્તમ શાયર ગની દહીંવાળાએ એમની બળકટ ગઝલો જેવા જે પાસાદાર ગીતો પણ લખ્યા છે એમનું એક ગીત 'ભિખારણ ગીત મજાનું ગાય' ગમે તેવા હૈયાને સૂનમૂન કરી દે તેવું છે. પરંતુ આજે તમને એમના મોરલાના ગીતનો પરિચય કરાવવો છે. ''મોરલાને વેઠ્યો ના જાય વરાસદમાં.'' આપણે ઉપર જોયું તેમ મેહૂલિયો ગાજે ત્યારે મરલો જાણે કોઇના સંગમાં, આકળવિકળ થઈ જાય છે. અમારા એક મિત્ર નિર્જીવ કાગળોમાં લખતાં લખતાં ટહૂકો સાંભળીને એક વાત કરતા પણ અત્યારે જવા દો એ વાત (નાહકની ગાડી આડે પાટે ચડી જાય) એના કરતા ગનીભાઈની અદ્ભૂત ગીત-રચના ગાતાં ગાતાં માણો.



મોરલાને વેઠ્યો ન જાય
મોરલાને વેઠ્યો ન જાય વરસાદમાં
ઘેનની ઘૂંટી પાઇ, રોમ રોમ આ રતમાં,
રાખી શકાય મરજાદમાં? - મોરલાને...
મીઠેરા ગહેકારે, મોભથી સરી આવ્યાં
સેંકડો ગરોળીના ગલ,
વિરહાકુલ હૈયાની કયારીમાં રેલાયાં
વખડે વલોવાયાં જલ.
કેટલાય હાયકારા બાઝ્યાનો અંદેશો
છૂટા પડેલ એક સાદમાં - મોરલાને...
વાડામાં શ્રાવણમાં ઝરમરિયાં ઝૂલે,
ને આંગણે અષાઢની ઝૂલે,
ને આંગણે અષાઢની હેલી.
ભૂંડા ભારદવા, તું જોવા ન પામશે,
ગારાની ભીંત આ ઊભેલી
વનના ને મનના મોરલિયાનું સહિયારું
સાવ રે સુંવાળા અપરાધમાં - મોરલાને...
આખા તે ઘરની એકલતાને લીધો છે
ભીનાશે કારમો ભરડો,
કાને અથડાઈ ફૂંણી કાંટાળી ડાળ
પડ્યો હૈયામાં ફૂલ-શો ઉઝરડો.
આખાયે માળાને મ્હેંકતો કરી મેલ્યો
પંખીએ પંખીની યાદમાં - મોરલાને...

- 'ગની' દહીંવાળા

વરસાદથી ધરતી નવપલ્લવિત બની જાય છે, ચારેકોર મીઠ્ઠી સુગંધથી વાતાવરણ મહેંકી ઊઠે છે, મોર થનગનાટ કરવા માંડે છે અને આપણે પણ ઘડીભર માટે રોમેન્ટીક બની જઇએ છીએ, આપણું મન પર મોર બની થનગનાટ કરવા માંડે છે

The riandrops kissed the earth,
and whisperd,
We are thy homesick children mother,
Come back to thee from the heaven.

- Rabindranath Tagor

પારિજાત

- રેખાભટ્ટ

આપણે સૌ વરસાદનાં તરસ્યાં છીએ. ફુલગુલાબી ઠંડી, વસંતઋતુ માણીએ છીએ. પછી આછી આછી ગરમી ચલાવી લઇએ છીએ. અને ત્યારબાદ શરુ થાય છે અસહ્ય બફારો - ઉકળાટ - અને આપણે સૌ તલસવા માંડીએ છીએ વરસાદ માટે. આતુરતાથી રાહ જોઇએ છીએ વરસાદની.

સામે છેડે વરસાદ પણ આતુર છે વરસવા માટે. રવિન્દ્રનાથ ટાગોરે અહીં કેવી સરસ કલ્પના કરી છે કે "વર્ષાજળ ધરતી પણ ઉતર્યા અને હળવેકથી બોલ્યા : "માડી, ત્યાં સ્વર્ગમાં ગોઠતું નહોતું

એટલે તારે ખોળે પાછાં ફર્યાં." આવી સરસ મજાની કવિતા રવિન્દ્રનાથ ટાગોર જ કરી શકે છે વરસાદ પણ homesick છે અને ધરતીમાતાને મળવા આતુર છે, તેથી સ્વર્ગમાંએથી ઉતરી આવે છે અને વરસી પડે છે ચારેકોર...

વરસાદથી ધરતી નવપલ્લવિત બની જાય છે. ચારેકોર મીઠ્ઠી સુગંધથી વાતાવરણ મહેંકી ઊઠે છે. મોર થનગનાટ કરવા માંડે છે અને આપણે પણ ઘડીભર માટે રોમેન્ટીક બની જઇએ છીએ. આપણું મન પર મોર બની થનગનાટ કરવા માંડે છે.



નર્મદાત્રયીના સુપ્રસિદ્ધ લેખક અમૃતલાલ વેગડ વર્ષાત્રતુને વળી અલગ રીતે જ જૂએ છે. એમને આપણા આ ગુજરાતી લોકગીતની પંક્તિઓ ખૂબ જ ગમે છે -

"મેં તો દૂધને સાકરનો શીરો કર્યો રે લોલ,
તાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ!
મું ને કોઇ તો બતાવો દીનનાથને રે લોલ
કોળિયો જમાડું જમણા હાથનો રે લોલ!"

અમૃતલાલ વેગડને લાગેછે કે આ તો ઉત્તમ વર્ષાગીત છે. શીરો બને છે સમુદ્રની કઢાઇમાં, ટાઢો કરવામાં આવે છે આકાશના ત્રાંસમાં અને જેવો એ ઠંડો થાય એટલે આભ ધરતીને કહે છે - તું ને કોળિયો જમાડું જમણા હાથનો રે લોલ.

સાચ્ચે જ, વરસાદ જે રીતે ધરતી, નદી, તળાવ સૌને નવજીવન આપે છે - નવપલ્લવિત કરી દે છે એવી રીતે આપણને પણ પ્રફુલ્લિત બનાવી દે છે. આપણું તન અને મન પણ જાણે નિર્મળ બની જાય છે. વર્ષાઋતુ સૌને રુપ બદલી નાખે છે. એટલે જ સમગ્ર ધરતી અને સમગ્ર વાતાવરણ ઝંખે છે વરસાદને.

હા, પણ કોઇ વાર એવું બને છે ખરું કે પાણી ભરેલા વાદળનું પોટલું કયાંક ફસડાઇ પડે છે અને જળબંબાકાર કરી મૂકે છે અને જાન-માલની હાનિ થાય છે, તો કયારેક કોરુંધાકોર રહી જાય છે અને સૌ પાણી પાણી ઝંખે છે.

એટલે, આપણે તો પ્રાર્થના જ કરવી રહી કે,

।। કાલે વર્ષન્તુ - પર્જન્યઃ પૃથિવી સસ્યશાલિની ।।

પ્રેમ અને મોહ વચ્ચે પ્રકાશ અને અંધકાર જેટલો ભેદ છે

લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

જલ પાય સરસિ બિકાઈ, દેખ હું પ્રીત કી રીત બડી।
બિલગ હોઈ રસ જાઈ, કપટ ખટાઈ પરત જિમિ ।।

(પ્રીતની આ રીત તો જુઓ ! દૂધમાં ભળી જઈને પાણી દૂધની કિંમતે વેચાય છે, પણ જો એમાં સહેજ ખટાશ પડે તો તરત જ દૂધ અને પાણી જુદાં થઈ જાય છે.)

આજના યુવક યુવતીઓ પર ફિલ્મો, ટી.વી.ચેનલો અને એમાંય ખાસ કરીને ઈન્ટરનેટના વળગણની પ્રભાવક અસર દિલો દિમાગપર છવાઈ ગઈ છે. ચલચિત્રોમાં નટનટીઓના શૃંગારિક પ્રેમાલાપોથી યુવાવર્ગ અંજાઈ જતો હોય છે. કાલ્પનિક વિચારસૃષ્ટિને દશ્યશ્રાવ્ય માધ્યમથી વાસ્તવિકતા રૂપે નજર સમક્ષ નિહાળતા તેનાથી ભરમાઈને ભાગી જનારા છોકરાછોકરીઓના કિસ્સાઓ દિનપ્રતિદિન વધતા જ જાય છે. હમણાં જ અખબારમાં અત્યાધૂનિક ધનાઢ્ય પરિવારની સ્વચ્છંદી દીકરીનો કિસ્સો વાંચ્યો હશે. ...જેને મનોચિકિત્સકે પીકુ ઈફેક્ટ તરીકે ઓળખાવ્યો. આવા કિસ્સા સમાજ માટે લાલબત્તી સમાન છે. આજનો વિદ્યાર્થી પુસ્તકરત ઓછો ને મોબાઈલરત વધુ જોવા મળે છે. વિદ્યાર્થી તરીકેનું એકપણ લક્ષણ એના વર્તન વ્યવહારમાં જોવા મળતું નથી... એનો પોશાક, હેર સ્ટાઈલ, એની અદા... જાહેર સ્થળોએ એનું વર્તન... અભ્યાસની ઉંમરે મોંઘાદાટ મોબાઈલ છાસવારે બદલવા... સતત મોબાઈલ પર ગપસપ કરવી... અભ્યાસ તો એક બહાનું જ હોય એવું લાગે છે. બ્રહ્મચર્યાક્રમમાં વિદ્યાપ્રાપ્તિનું ધ્યેય છોડી ગૃહસ્થાશ્રમ માર્ગે વળેલો જોવા મળે છે !! વિદ્યાતુર નહિ કામાતુર બન્યો... કારણ ઈન્ટરનેટ, મોબાઈલ ઉપકરણ... અશ્લિલતા હાથવગી સુલભ બની... સહજ જુગુપ્સા ટેવમાં પરિવર્તિત થાય ને પથચ્યુત કરે છે...

દોસ્તો, ટીવી. કે ચલચિત્રોનું આંધળું અનુકરણ કરી પ્રેમના નામે ક્ષણિક આકર્ષણથી અંજાઈને કે બાહ્ય દેખાદેખીથી લૈલા મજનું ના ખ્યાલમાં રાચતાં સાથ જીયેંગે સાથ મરેંગે નાં કોલ દઈ બેઠેલા છોકરા છોકરી ભાગી જઈ લવમેરેજ કરીને ઈંડરિયો ગઢજીત્યાં નો હાશકારો અનુભવે છે પ..ણ.. થોડાક સમય પછી (કહેવાતા?!) પ્રેમની અગ્નિપરીક્ષા શરુ થાય છે.પૈસા કે દાગીના પૂરા થતાં દિવસે તારા દેખાવા લાગે. પ્રેમના ઉન્માડો શમવા લાગે છે, આંખમાં આંજેલા કિનખાબી શમણાં કઠોર દુનિયાની કડવી વાસ્તવિકતા સાથે અથડાઈ ભાંગીને ભૂક્કો થઈ જાય છે... પ્રેમનો આવેગ પીગળવા લાગે છે... માબાપની ઘ હરામ થઈ જાય છે. પોતાના વહાલસોયા કે કાળજાના ટુકડા ને શોધવા આકાશપાતાળ એક કરનારાં માબાપના હૈયાનો ચિત્કાર આવાં ઉન્માદી અપરિપકવ માનસને ક્યાંથી સંભળાય?!!

પ્રેમ - કરાવો કે કોઈને - ચાહવું - એ અપરાધ નથી પરંતુ આપણા પુરુષપ્રધાન સમાજની શૃંખલાઓ ભાગી જનાર છોકરી અને તેના માબાપ માટે પળેપળે પ્રાણઘાતક પૂરવાર થાય છે. સમાજ તેમના તરફ નફરત અને તિરસ્કાર ભરી દૃષ્ટિએ તાકાતો રહે છે. ઉચ્છૃંખલ સંતાનને કારણે ખાનદાનની ઈજ્જતનું લિલામ થઈ જાય છે. હજારો મોંઢે હજારો વાતો વહેતી થાય છે... લોક મોંઢે ક્યાં ગરણું બંધાય?! ચારેબાજુ વાતના વાતેસરનો વંટોળ ઉમટતાં માત્ર - સ્ત્રી જ ભરખાય છે. છોકરાને કશો જ વાંધો આવતો નથી પરંતુ છોકરીની જિંદગી ધૂળધાણી થઈ જાય છે.

એકવાર થયેલી નાની અમથી ભૂલ પણ આખી જિંદગીને વિષમય બનાવી દે છે.

વહાલા યુવક યુવતીઓ! ચલચિત્રો કે ટીવી. ચેનલોનું આંધળું અનુકરણ કરતાં પહેલાં તમે લીધેલ નિર્ણય કે પગલાંનો શો અંજામ આવશે એ વિશે પગલું ભરતાં પહેલાં સો વિચારજો...

જીવનની કડવી વાસ્તવિકતા અને કઠોર સામાજિક બંધનો તો ગમે તે સંજોગોમાં સ્વીકારવા જ પડશે, કારણ કે આપણે સમાજના ફરજંદ છીએ અને સમાજમાં રહેવાનું છે ને જીવવાનું છે.

દોસ્તો, ફ્રિઝમાં મૂકેલી કેરી કદી આપમેળે પાકટી નથી, એને મૂળ સ્થિતિમાં સાચવી શકાય એટલું જ બાકી ફ્રીઝ એનો રંગ ન બદલી શકે.... એમાં રસ પૂરી શકે પણ જયારે તાપ અને તડકો તો રૂપરંગને નવો નિખાર આપી શકે છે,... તડકો ન હોત તો કેસૂડા અને ગુલમહોર કેસરિયાળા સાફામાં ખીલી શકત ખરા?! મારે મન પાકવું એટલે ઘડાવું. જીવનને પણ તપાવવું પડે. ભટ્ટીમાં લોખંડ અને સોનું તાપે છે ત્યારે જ ઘાટ પામે છે.

યુવામિત્રો, તમે એ ભૂલશો નહિ કે જે શરીરને શણગારવામાં પડ્યા છે, વરણાગી બન્યા છે... તે મનને શણગારી શકશે નહિ... કોલેજ કેમ્પસમાં ખૂણે ખાંચરે કરેલી પ્રેમગોષ્ઠી કે વાતોથી પ્રેમ પાંગરશે ખરો પણ પાકી કરશે નહિ. એને તાપાવવો પડે, ટીપવો પડે તો જ ઘાટ મળે અને ટકે. બાકી તો સહેજ મુશ્કેલી આવતાં ઝાકળની જેમ ઉડી જશે... કહેવાતા પ્રેમના મોહપાશમાં બંધાયા વિના કારકિર્દી ઘડતર તરફ ધ્યાન આપો. માબાપની આંખમાં આંજેલા સ્વપ્નને સાર્થક કરવા કટિબદ્ધ બનો. ફિલ્મી દુનિયાના નટનટીઓને આદર્શ બનાવ્યા વિના ઋષિઓને મહાપુરુષો કે દૃષ્ટાઓને આદર્શ બનાવી સાચા અર્થમાં બની રહો...!!

સ્પર્શમણિ - પ્રેમ અને મોહ વચ્ચે પ્રકાશ અને અંધકાર જેટલો ભેદ છે. પ્રેમ પ્રકાશ સ્વરૂપ છે, જ્ઞાનમય છે અને આત્માનું ઉન્નતિ પ્રેરક બળ છે. મોહ અજ્ઞાનમય અને તેથી અધોગતિ અપાવનાર છે. પ્રેમનું નિવાસસ્થાન હૃદય છે અને મોહનું નિવાસસ્થાન નેત્ર. નેત્રથી તે આગળ વધતો નથી. આંખનો આનંદ એટલી જ તેની મર્યાદા છે.

પ્રેમ સામાને માટે બધું ત્યજવા તૈયાર છે. મોહમાં તો સામી વ્યક્તિ મારે માટે બધું ત્યજે તેવી ભાવના રહે છે. પ્રેમ બલિદાન પ્રિય છે. મોહ ભોગકાંક્ષી છે. હું સામાને સુખી કરું - એ ભાવના પ્રેમનું હાર્દ છે.

હું સુખી થાઉં - એ મોહનું વલણ છે. પ્રેમ આપીને આનંદ માણે છે, મોહ મેળવીને ખુશ થાય છે.

પ્રેમમાં શોકને સ્થાન નથી, મોહમાં શોક પળેપળે દેખા દે છે. સામી વ્યક્તિથી આપણું ધારેલું કશુક પણ ન થાય કે જરાક ઊંણું થાય તો તરત શોક થાય છે. પ્રેમ નિર્મળ નીર વહાવતી ભાગીરથી જેવો છે. મોહ ગંદા પાણીની ગટર જેવો છે.

બિન તકરારી મહાત્માનો રાષ્ટ્રભાષા પ્રેમ

જો વિજ્ઞાની ડૉ. બોઝ અંગ્રેજીમાં ભાષણ કરશે તો મારે તેમની સાથે તકરાર થશે

મહાત્મા ગાંધી જયારે મિ. ગાંધી જ હતા ત્યાં સુધી એટલે કે દક્ષિણ આફ્રિકામાં લડત શરુ કરી ત્યાં સુધી શરમાળ જ હતા. પણ શરમાળ ગાંધી ગમે ત્યારે પેટ છૂટી સ્પષ્ટ વાત કરવામાં શરમાળ બન્યા નહતા. સાચી વાત હોય ને એ શરમજનક ગણાય એવી હોય તો પણ એ સરળતાથી પોતાની શરમ વ્યક્ત કરી દેતા હતા.

કાશી નગરી ખાતે કાશી નાગરી પ્રચારિણી સભાના ૨૨મા વાર્ષિકોત્સવમાં કાશ્મીરના મહારાજાધિરાજના પ્રમુખપણા હેઠળના કાર્યક્રમમાં ગાંધીજીએ પોતાના વકતવ્યના પ્રારંભે જ કહ્યું કે, ''મને ઘણી શરમ આવે છે કે હું આપની સમક્ષ હિંદીમાં સારી રીતે બોલી શકતો નથી. આપ જાણો છો કે હું દક્ષિણ આફ્રિકામાં રહેતો હતો. ત્યાં આપણી હિંદી ભાઈઓ સાથે કામ કરતાં કરતાં હું થોડી ઘણી હિંદી શીખ્યો છું, એટલે મારી ભૂલો માટે મને માફ કરશો.''

નાગરી પ્રચારિણી સભાના આ પ્રસંગે તેઓ પુનઃ ભાષણ કરવાની મારામાં યોગ્યતા ન હોવાનો એકરાર કરતાં તેમણે સમારંભમાં ઉપસ્થિત સંસ્થાના હોદ્દેદારો વકીલ છે તેમની સમક્ષ સવાલ મૂક્યો કે તમે અદાલતોમાં તમારું કામ અંગ્રેજીમાં ચલાવો છો કે હિંદીમાં? જો અંગ્રેજીમાં ચલાવતા હો તો હું તમને કહીશ કે એ તમે અંગ્રેજીમાં ચલાવો. જે યુવાનો ભણે છે તેમને પણ હું કહીશ કે તેઓ પોતાનો અંદરોઅંદરનો પત્ર વ્યવહાર હિંદીમાં કરે.



રાષ્ટ્રભાષા હિંદીના પ્રચલનને વધુ વ્યાપક બનાવવાનું આવાહ્ન સીધી રીતે નહીં પણ બહુ સરળતાથી કરતા ગાંધી કહે છે સાહિત્ય વિનાની પ્રજાને સ્વતંત્રતા મળી શકતી નથી. તેથી ભણેલાગણેલા લોગોની એ ફરજ છે કે તેઓ અંગ્રેજીમાં ઉચ્ચ વિચારો અને નવા ખ્યાલો સૌ લોકોની સામે રજૂ કરે. પોતીકી ભાષામાં અન્ય સમાજોના કે ભાષાઓના લખાણો, પુસ્તકો કે પ્રસંગે રજૂ કરવામાં આવે તો શ્રેષ્ઠ રીતે સમાજ ઘડતરનું કાર્ય ભણેલા લોકો કરી શકે અને આજ ખરી કેળવણી છે એવો મર્મ તેઓ સમજાવે છે.

કાશી નાગરી પ્રચારિણી સભામાં બીજા દિવસે પ્રસિદ્ધ વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ ભાષણ કરવાના હતા. જે બીજા દિવસનું જગદીશચંદ્ર બોઝનું ભાષણ જો તેઓ 'બંગાળીમાં' કરે તો તેમની સાથે મારે કોઇ તકરાર નથી પણ જો તેઓ અંગ્રેજીમાં ભાષણ કરશે તો મારે તેમની સાથે તકરાર થશે એવી વાત કરતાં ગાંધી હિન્દીઓની ભાષા હિંદીનું મહત્ત્વ સાથે પ્રાદેશિક ભાષાઓનું પણ મહત્ત્વ સમજાવે છે. 'કોઈને સામે ટંટો કે તકરાર નહીં' - એવી વણલખી વાતને પચાવનાર ગાંધી બોઝ જો અંગ્રેજીમાં બોલશે તો મારે તેમની સાથે તકરાર થશે એવી છેવટની વાત કરીને હિંદીની મહત્તા વિશે મજબૂત મત વ્યક્ત કરે છે.

ડૉ. બોઝે લખેલા પુસ્તકના સ્થાનિક હિંદી ભાષામાં અનુવાદ કરાવવો એ નાગરી પ્રચારિણી સભાની ફરજ છે. એવો ઉલ્લેખ કરતા જર્મનીનો દાખલો ટાંકે છે, જર્મનીમાં જે વિદ્વતાપૂર્ણ પુસ્તકો લખાય તે પુસ્તક બીજા અઠવાડિયે અંગ્રેજીમાં અનુવાદિત થઈને બહાર પડે છે તેથી જ જર્મન ભાષા આટલી પ્રૌઢ બની છે. માત્ર પોતાની ભાષામાં પુસ્તકોથી ગનીમત નહીં માનતા અન્ય ભાષામાં એ પુસતકો અનુવાદ સાથે રજૂ કરીને અન્ય ભાષીઓને પણ પોતાની ભાષાના સાહિત્ય સહિતના વિવિધ પાસાઓની જાણકારી આપવી જરુરી છે જેથી સંસ્કૃતિ અંગ્રેની કે સમાજ અંગેની સભાનતા વિકસીત થાય એમ તેઓ વ્યક્ત થાય છે.

હિંદી ભાષા પ્રત્યેના નિર્બંધ પ્રેમની અભિવ્યક્તિ શા માટે જરુરી છે? એ દર્શાવતા ગાંધી કહે છે પોતાની ભાષાની અસીમ ઉન્નતિ લોકોએ સાધવી જોઈએ. કેમ કે જે ભાષામાં ઉચ્ચ કોટિના વિદ્વાનો પાકશે તેને જ સાચું ગૌરવ પ્રાપ્ત થશે. અને તેનો જ આખા દેશમાં પ્રચાર પણ થશે. જો તામિલમાં સારા વિદ્વાનો પેદા થશે તો આપણે પણ તામિલમાં બોલતા થઈ જશું.

જયાં ઘર ઘરમાં લોક રામાયણી તુલસીનું નામ ગુંજતું હતું તેવા ઉત્તરપ્રદેશની કાશી નગરીમાં હિંદી ભાષાનું મહિમાગાન વર્ણવતા મહાત્મા ગાંધી કહે છે કે જે ભાષામાં તુલસીદાસ જેવા કવિએ કવિતા રચી હોય તે ભાષા જરુર પવિત્ર છે અને તે ભાષા સામે બીજી કોઇ પણ ભાષા ટકી શકે નહીં. આપણું મુખ્ય કામ હિંદી ભાષા શીખવાનું છે, પરંતુ આપણે બીજી ભાષા શીખીશું તો અન્ય ભાષીઓને પણ હિંદી ભાષા શીખવી શકીશું.

સંદર્ભ : ૧૬૫, કાશી નાગરી પ્રચારિણી સભામાં ભાષણ, ગાંધીજીની અક્ષરદેહ ભાગ-૧૩, પૃષ્ઠ-૧૯૨.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)